ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.કોમ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)**	ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ (ગત વર્ષની જેમ)	તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬ –૨૦૧૯ (એક વર્ષ)
2.	**બી.બી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)**	ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ (ગત વર્ષની જેમ)	

<u>બી.કોમ. ની શરતો :</u>

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી.

(૨) B.COM માટે એકાઉન્ટન્સી વિષય માટે–૧, કોમર્સ વિષય માટે–૧ કાયમી અને આંકડાશાસ્ત્ર વિષય માટે એડહોક અધ્યાપકની નિમણૂક કરવી.

(૩) ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે પાલન કરવું.

<u>બી.બી.એ. ની શરતો :</u>

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી.

(૨) ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે પાલન કરવું.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૦૪–૨૦૧૮ની ભલામણ ક્રમાંક :(૧૪૭)</u>

::: **આથી ઠરાવવામાં આવે છે કે,** ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ એન્ડ ભાનીબેન છીમકાભાઈ પટેલ બી. બી. એ. કોલેજ, ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણા (વેસુ), સુરતની નીચે દર્શાવેલ વિગતે **સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. અને બી.બી.એ.નું ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં દર્શાવેલ શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. અને બી.બી.એ.નું ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	બી.કોમ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ (ગત વર્ષની જેમ)	તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯ (એક વર્ષ)
2.	બી.બી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ (ગત વર્ષની જેમ)	

(સિન્ડિકેટ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ એન્ડ ભાનીબેન છીમકાભાઈ પટેલ બી.બી.એ. કોલેજ, ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણા (વેસુ), સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ.અને બી.બી.એ.નું ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૦૪–૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૪૭ અન્વયે યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. અને બી.બી.એ.નું ચાલુ તથા વધારાના વર્ગનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવામાં આવે છે.**

૨૫૩. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ, તા.મહુવાની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ નું ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૬–૦૪–૨૦૧૮ની ભલામણ ક્રમાંક :૧૪૮ થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એ. અને બી.કોમ.**	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬ –૨૦૧૯ (એક વર્ષ)

શરતોઃ

(૧) કોલેજમાં હાલ કુલ–૧૨ અધ્યાપકોનું મહેકમ મંજુર થયેલ છે. જે પૈકી હાલ કુલ –૬ અધ્યાપકોની જગ્યા ભરાયેલ છે. બાકી રહેતી કુલ –૬ જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી કરવી.

(૨) વહીવટી વર્ગ–૩ ની કુલની કુલ –૩ જગ્યાઓ મંજુર થયેલ છે. જે પૈકી હાલ–૧ જગ્યા ભરાયેલ છે. બાકી રહેતી ૧ સિનીયર કલાર્કની અને ૧જુ.કા.ની જગ્યા સત્વરે ભરવાની કાર્યવાહી કરવી રહે તથા વર્ગ–૪ ની કુલ–૫ જગ્યા મંજુર થયેલ છે. જે પૈકી હાલ–૩ જગ્યા ભરાયેલ છે. બાકી રહેતી –૨ જગ્યા સત્વરે ભરવાની કાર્યવાહી હાથ ધરવી.

(૩) કોલેજમાં કાયમી આચાર્યની સત્વરે નિમણુંક કરવામાં આવે.

(૪) વિદ્યાર્થી પ્રતિનિધી સભામાં હિસાબો અલગથી રાખવા. ખજાનચીની નિમણૂંક કરવી.

(૫) શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાની નિમણુંક કરવી. મહેકમ મંજૂર કરાવવી, રજૂઆત કરી વ્યાખ્યાતા નિમણૂક પ્રક્રિયા કરવી.

(૬) અધ્યાપકોને રીસર્ચ પેપર તેમજ OP, RC, FDP માટે પ્રોત્સાહિત કરવા.

(૭) યુનિવર્સિટી ઓડિનન્સ ૬૯ એ, ૬૯ બી અને સરકારશ્રીના વખતો વખતના નિયમો અને ધારાધોરણનું પાલન કરવામાં આવે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૦૪–૨૦૧૮ની ભલામણ ક્રમાંક :(૧૪૮)</u>

::: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ, તા.મહુવાની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં દર્શાવેલ શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે અભ્યાસક્રમ બી. એ. અને બી. કોમ નું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	બી.એ. અને બી.કોમ.	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬ –૨૦૧૯ (એક વર્ષ)

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ, તા.મહુવાની ઉપરોકત દર્શાવેલ વિગતે અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૨૬– ૦૪–૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૪૮ અન્વયે યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવામાં આવે છે.

૨૫૪. સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૧૧૩૭/૨૦૧૭ સી.એન. પરમાર બી.એડ્. કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ વિરૂધ્ધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટે સિન્ડિકેટની તા.૧૯–૧–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક ૨(ક) અન્વયે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : દગજ/ ૨૦૦૮/૨૫૧૨/ખ.૧ તા.૧૭–૦૧–૨૦૧૮માં સિન્ડિકેટે મૂકેલ તમામ શરતોનું પરિપાલન સંદર્ભેની તમામ બાબતો અન્વયે શરતો પૂર્ણ કરવા માટેનો પત્ર (આર.પી.એ.ડી.) ધ્વારા સંસ્થાને લખવો અને એક (૧) – મહિનાના સમયગાળા દરમ્યાન પુરી કરવા જણાવવું અને ત્યાર બાદ ચકાસણી સમીતીને મોકલી શરત પૂર્તતાનો અહેવાલ મંગાવવો. એમ ઠરાવેલ હોઈ, માનનીય કુલપતિશ્રીએ ચકાસણી સમિતિના સભ્યો તરીકે (૧)ડો.અપૂર્વ દેસાઈ(૨)ડો.તરૂણ તેજવાણી (૩)ડો.મયુર ચૌહાણ (૪) ડો.રાજેન્દ્ર પટેલની નિમણૂંક કરવામાં આવેલ હોઈ, ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ અને કોલેજ/સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે જોડાણ ચાલુ રાખવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :

(૧) સિન્ડિકેટની તા.૨૨–૯–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૮)અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

ઉપરોકત બાબતમાં રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૮–૮–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ SCA/૨૦૧૭/હા.૨./ખ.૧ના હુકમ અન્વયે વિદ્યાર્થીઓની ફાળવણી કરવા માટે જણાવેલ છે તથા ચકાસણી સમિતિની નિયુકિત કરવી અને સમિતિનો અહેવાલ સ્વીકારી રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરને મોકલી આપવો.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૧૧૩૭/૨૦૧૭ સી.એન. પરમાર બી.એડ્. કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ વિરૂધ્ધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.માં વિદ્યાર્થીઓ ફાળવવા માટે નામદાર વડી અદાલતના તા.૨૪–૮–૨૦૧૭ના ઓરલ ઓર્ડર સંદર્ભે બી.એડ્. પ્રવેશ સમિતિએ નિયમાનુસાર ૧૬ વિદ્યાર્થીઓ ફાળવી આપેલ ત્યારબાદ નામદાર વડી અદાલતના તા.૨૪–૮–૨૦૧૭ના ઓરલ ઓર્ડર મુજબ ચાલુ જોડાણ મેળવવા માટેના સંદર્ભમાં લેટર્સ પેટન્ટ અપીલ (LPA) નંબર ૧૪૪૬ / ૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ છે. જે લીગલ સેલ વિભાગના તા.૧૪ –૯–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ Legal/SCA/1113/17/8599/2017 થી Withdraw કરવામાં આવેલ છે, જેની નોંધ લીધી.**

વધુમાં, ઉપરોકત વિષય સંદર્ભમાં સમિતિના અહેવાલને ધ્યાનમાં રાખતા ગંભીર ક્ષતિઓ જણાતાં ઉપરોકત ટ્રસ્ટને શો–કોઝ નોટીસ આપવી તથા સદર અભ્યાસકમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯થી ક્રમશઃ બંધ કરવાની કાર્યવાહી કરવી. સદર માહિતી સરકારશ્રીને રૂબરૂ સંપૂર્ણ માહિતીથી અવગત કરે. નામદાર વડી અદાલતમાં મેટર સબજયુડીશ હોય, ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૭–૧૮ ના વિદ્યાર્થીઓને કોર્ટના વચગાળાના આદેશાનુસાર શરતી નોંધણી કરવા તથા સંસ્થાને સત્વરે શરતોની પૂતર્તા કરવા જણાવવું.

તદઉપરાંત યુનિવર્સિટી દ્વારા ફળવાયેલા પ્રવેશો ઉપરાંત સંસ્થાએ ફાળવેલા પ્રવેશો જો એન.સી.ટી.ઈ.ના નિયમોને સુસંગત હોય (પધ્ધતિ દીઠ નિયત સંખ્યાના વિદ્યાર્થી) તો નોંધણી કરવી અન્યથા આવા પ્રવેશ રદ કરવા. જરૂર પડે તો ડીનશ્રીનો અભિપ્રાય લેવો.

(૨) સિન્ડિકેટની તા.૧૯–૧–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક ૨(ક) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત સંદર્ભે સરકારના પત્રક્રમાંક : દગજ/ ૨૦૦૮/૨૫૧૨/ખ.૧ તા.૧૭–૦૧–૨૦૧૮ મુજબના તમામ શરતોનું પરિપાલન સંદર્ભેની તમામ બાબતો અન્વયે શરતો પૂર્ણ કરવા માટેનો પત્ર (આર.પી.એ.ડી.) ધ્વારા સંસ્થાને લખવો અને એક (૧) – મહિનાના સમયગાળા દરમ્યાન પુરી કરવા જણાવવું અને ત્યાર બાદ ચકાસણી સમીતીને મોકલી શરત પૂર્તતાનો અહેવાલ મંગાવવો.**

(૩) યુનિવર્સિટી કાર્યાલયના તા.૩–૪–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (૫૨માર) (૨૮૪) (૨૦૧૮)/૫૫૦૦ થી

સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે બીજા વર્ષની જોડાણ અરજી કરવા માટે જાણ કરેલ છે. પંરતુ બીજા વર્ષની જોડાણ અરજી સંસ્થાએ મોકલેલ નથી.

(૪) સદર સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે જોડાણ ચાલુ રાખવા માટે યુનિવર્સિટી

કાર્યાલયને જોડાણઅરજી પુનઃ મોકલેલ છે. (પ્રથમ અને બીજા વર્ષ ની સાથે અરજી મોકલેલ છે)
(૫) સદર કોલેજના તમામ પત્રો તથા ચકાસણી સમિતિના અહેવાલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૧૧૩૭/૨૦૧૭ સી.એન. પરમાર બી.એડ્. કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ વિરૂધ્ધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટે સિન્ડિકેટની તા.૧૯–૧–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક ૨(ક) અન્વયે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : દગજ/ ૨૦૦૮/ ૨૫૧૨/ખ.૧ તા.૧૭–૦૧–૨૦૧૮માં સિન્ડિકેટે મૂકેલ તમામ શરતોનું પરિપાલન સંદર્ભેની તમામ બાબતો અન્વયે શરતો પૂર્ણ કરવા માટેનો પત્ર (આર.પી.એ.ડી.) ધ્વારા સંસ્થાને લખવો અને એક (૧) – મહિનાના સમયગાળા દરમ્યાન પુરી કરવા જણાવવું અને ત્યાર બાદ ચકાસણી સમીતીને મોકલી શરત પૂર્તતાનો અહેવાલ મંગાવવો. એમ ઠરાવેલ હોઈ, માનનીય કુલપતિશ્રીએ ચકાસણી સમિતિના સભ્યો તરીકે (૧) ડો. અપૂર્વ દેસાઈ(૨) ડો. તરૂણ તેજવાણી (૩) ડો. મયુર ચૌહાણ (૪) ડો. રાજેન્દ્ર પટેલની નિમણૂંક કરવામાં આવેલ હોઈ, ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ અને કોલેજ / સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે જોડાણ ચાલુ રાખવા કરેલ વિનંતી સંદર્ભે સમિતિના અહેવાલ પ્રમાણે મોટાભાગની શરતો સંતોષાય ન હોઈ આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯થી પ્રવેશો ફાળવવા નહીં કોલેજને ક્રમશઃ બંધ કરવાનો સિન્ડિકેટનો અગાઉનો નિર્ણય યથાવત રાખવામાં આવે છે.**

વધુમાં અહેવાલમાં શરતચૂકથી ટાઈપોગ્રાફીકલ એરર અંતર્ગત પાંચમાં પાના પર ૫૯ એ ના બદલે ૬૯ એ વાંચવું. સદર કોલેજની કોઈ સમિતિ પર ડૉ.અપૂર્વ એ. દેસાઈની નિયુકિત કરવી નહીં.

૨૫૫. સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) ના ડીનશ્રીના તા.૧૦–૮–૨૦૧૭ ના પત્રક્રમાંક : સ્મીમેર/૧૯૯૨/૨૦૧૭ થી તબીબી વિદ્યાશાખા હેઠળ કોલેજમાં ચાલતા સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યસક્રમના તમામ વિષયોના યુનિવર્સિટીનું જોડાણ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નિર્ધારીત થયેલ સમયગાળા માટેનું એફીલીયેશન આપવા કરેલ વિનંતી સંદર્ભમાં અનુસ્નાતક વિષયના નામ સામે દર્શાવેલ વિષય માટે સિન્ડિકેટ ની તા.૨૨–૯–૨૦૧૭ ની બાબત ક્રમાંક : (૩૮) અન્વયે, નિયુકત ચકાસણી સમિતિએ કોલેજની તા.૦૧–૧૨–૨૦૧૭ના રોજ મુલાકાત બાદ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ની ભલામણ અન્વયે Government of India Ministry of Health & Family Welfare દ્વારા વિવિધ અનુસ્નાતક વિષયના પ્રવેશની બેઠકોની મંજુરીના Notification અવલોકનમાં લઈ A.Y.: 2018-19 થી નીચેના પત્રકમાં દર્શાવેલ અ.નં–૧ થી અ. નં–૬ ના અનુસ્નાતક અભ્યાસક્રમોને વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે કાયમી જોડાણ માટે, અને અ.નં–૭ ના અનુસ્નાતક અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી સમગ્ર અભ્યાસક્રમનું ત્રણ વર્ષ માટેનું જોડાણ આપવા ભલામણ કરેલ છે, જે ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાક : (૧૭) અન્વયે (૧) MCI ની ભલામણ (૨) કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ના Notification મુજબ જે તે વિષય સામે દર્શોવલ પ્રવેશ બેઠકો અને તે સામે દર્શાવેલ શૈક્ષણિક વર્ષની સમય અવધિ (શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી ધ્યાનમાં લઈ) માટે જે તે શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક વિષય અભ્યાસક્રમના ચાલુ જોડાણની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે અને જે તે અનુસ્નાતક વિષયમાં જે તે વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણનો એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાક : (૪૦) અન્વયે સ્વીકાર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ નં.	અનુસ્નાતક અભ્યાક્રમ	(૧) MCI ની ભલામણ (૨) કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ના Notification ની તારીખ.	પ્રવેશની મંજુર બેઠક	એફીલીએશનની MCIની ભલામણ
૧.	M.D. T.B. & Chest (Respiratory Medicine) (Pulmonary Medicine)	(1) No.MCI-94(22)/2016-Med./157721, Dt.05-01-2017. (2) 17-02-2017	3	5 Year
૨.	M.D. Anatomy	(1) No.MCI-94(22)/2016-Med./158812, Dt.07/01/2017. (2) 20-03-2017.	2	5 Year
૩.	M.D. Forensic Medicine & Toxicology	(1) No.MCI-94(22)/2016-Med./158817, Dt.07/01/2017. (2) 20-03-2017.	3	5 Year
૪.	M.D. Biochemistry	(1) No.MCI-94(22)/2016-Med./143770, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017.	3	5 Year
૫.	M.D. Pharmacology	(1) No.MCI-94(22)/2016-Med./143765, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017	3	5 Year
૬.	M.D. Rediology	(1) No.MCI-94(22)/2016-Med./143003, Dt.09/10/2017. (2) Dt.: 21-11-2017.	3	5 Year
૭.	M.D. Dermatology Venerology & Leprosy	(1) NO.MCI-23/(1)/2016-Med/173182, Dt.27-02-2017. (2) Dt.: 28-02-2017.	3	3 Year

અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૭)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) માં ચાલતા નીચે મુજબના અભ્યાસક્રમોને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી અનુસ્નાતક વિષયના (સ્વર્નિભર) અભ્યાસક્રમ સામે દર્શાવેલ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ભલામણ અન્વયે કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ની મંજુરી મુજબ તે સામે દર્શાવેલ પ્રવેશ બેઠકો સામે દર્શાવેલ શૈક્ષણિક વર્ષની સમય અવધિ મુજબના શૈક્ષણિક વર્ષોનું એફીલીએશન, જે તે શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક વિષયના અભ્યાસક્રમના ચાલુ જોડાણની એફીલીએશન ફી અને અનુસ્નાતક વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે મંજુર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

ક્રમ નં.	અનુસ્નાતક અભ્યાક્રમ	(૧) MCI ની ભલામણ (૨) કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ના Notification ની તારીખ.	પ્રવેશની મંજુર બેઠક	એફીલીએશનની MCIની ભલામણ
૧.	M.D. T.B. & Chest (Respiratory Medicine) (Pulmonary Medicine)	(1) No.MCI-94(22)/2016-Med./157721, Dt.05-01-2017. (2) 17-02-2017	3	5 Year
૨.	M.D. Anatomy	(1) No.MCI-94(22)/2016-Med./158812, Dt.07/01/2017. (2) 20-03-2017.	2	5 Year
૩.	M.D. Forensic Medicine & Toxicology	(1) No.MCI-94(22)/2016-Med./158817, Dt.07/01/2017. (2) 20-03-2017.	3	5 Year
૪.	M.D. Biochemistry	(1) No.MCI-94(22)/2016-Med./143770, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017.	3	5 Year
૫.	M.D. Pharmacology	(1) No.MCI-94(22)/2016-Med./143765, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017	3	5 Year
૬.	M.D. Rediology	(1) No.MCI-94(22)/2016-Med./143003, Dt.09/10/2017. (2) Dt.: 21-11-2017.	3	5 Year
૭.	M.D. Dermatology Venerology & Leprosy	(1) NO.MCI-23/(1)/2016-Med/173182, Dt.27-02-2017. (2) Dt.: 28-02-2017.	3	3 Year

એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૪૦)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંક : ૧૭ સ્વીકારી સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) માં ચાલતા ઉપર મજુબના અભ્યાસક્રમોને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી અનુસ્નાતક વિષયના (સ્વનિર્ભર) અભ્યાસક્રમ સામે દર્શાવેલ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ભલામણ અન્વયે કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ની મંજુરી મુજબ તે સામે દર્શાવેલ પ્રવેશ બેઠકો સામે દર્શાવેલ શૈક્ષણિક વર્ષની સમય અવધિ મુજબના શૈક્ષણિક વર્ષોનું એફીલીએશન, જે તે શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક વિષયના અભ્યાસક્રમના ચાલુ જોડાણની એફીલીએશન ફી અને અનુસ્નાતક વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે મંજુર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૪૦)નો સ્વીકાર કરવામાં આવે છે.

૨૫૬. સિધ્ધાર્થ લો કોલેજ, નવાગામ, કામરેજ ચાર રસ્તા, સુરતના આચાર્યશ્રી નો તા.૦૫–૦૩–૨૦૧૮ નો પત્ર થી કોલેજમાં ચાલતા LL.M (Business Law) અભ્યાસક્રમના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અનુસ્નાતક કાર્યભાર કરતાં કોલેજનાં આચાર્યશ્રી ડા.વિક્રમભાઈ દેસાઈ જુન–૨૦૧૯માં નિવૃત થનાર હોય, તથા સદર કોલેજમાં વર્કલોડ અર્ધાથી વધારે રહેતો ન હોવાથી, અને કાયદા વિદ્યાશાખામાં ઘણા સિનિયર અધ્યાપકો નિવૃત થતાં, વિઝિટીંગ ટીચરોની પણ અછત હોય, તે ધ્યાને લેતા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી LL.M (Business Law) અભ્યાસક્રમનું પાર્ટ–૧માં પ્રવેશ સ્થગિત કરવા કરેલ વિનંતીનો સ્વીકાર કરી સિધ્ધાર્થ લો કોલેજ, સુરતમાં ચાલતા વિષયના શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી ભાગ–૧ના પ્રવેશો સ્થગિત કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૩) અન્વયે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભાલમણ એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : (૩૮) અન્વયે મંજુર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે પર વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૨૩)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિધ્ધાર્થ લો કોલેજ, સુરત માં ચાલતા LL.M (Business Law) વિષયના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી નિવૃત થતા હોય તેમજ યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અનુસ્નાતક શિક્ષકોની મર્યાદીત સંખ્યા ધ્યાનમાં લેતા ભાગ–૧ના પ્રવેશ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી સ્થગિત કરવા કરેલ વિનંતી સ્વીકાર કરી સિધ્ધાર્થ લો કોલેજ, સુરત માં ચાલતા LL.M (Business Law) વિષયના શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી ભાગ–૧ના પ્રવેશો સ્થગિત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૮)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંક : ૨૩ સ્વીકારી સિધ્ધાર્થ લો કોલેજ, સુરતમાં ચાલતા વિષયના શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી ભાગ–૧ના પ્રવેશો સ્થગિત કરવા સિન્ડિકેટનેન ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૮)નો સ્વીકાર કરવો.**

૨૫૭. ગુજરાત સરકાર, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરીશ્રીના તા.૨૩ માર્ચ ૨૦૧૭ ના નોટીફીકેશન ક્રમાંક : GP-11-MCG-1017-SFS-J થી Contempt Petition No.584/2016, in CA No.4060/2009ના નામદાર સુપ્રિમકોર્ટના તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ના ઓરલ ઓર્ડર મુજબ સ્નાતક, અનુસ્નાતક અને ડેન્ટલ કોર્ષીસના પ્રવેશની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી રાજય સરકાર દ્વારા Centralized Counciling થી કરવાની કરેલ જાણ સાથેના પ્રવેશ અને તેને આનુંસાંગીક નિયમોની નોંધ લઈ અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૫) અન્વયે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભાલમણ એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : (૩૭) અન્વયે મંજુર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૫)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરીશ્રીના તા.૨૩ માર્ચ ૨૦૧૭ ના નોટીફીકેશન ક્રમાંક : GP-11-MCG-1017-SFS-J થી Contempt Petition No.584/2016, in CA No.4060/2009ના નામદાર સુપ્રિમકોર્ટના તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ના ઓરલ ઓર્ડર મુજબ સ્નાતક, અનુસ્નાતક અને ડેન્ટલ કોર્ષીસના પ્રવેશની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી રાજય સરકાર દ્વારા Centralized Counciling થી કરવાની કરેલ જાણ સાથેના પ્રવેશ અને તેને આનુંસાંગીક નિયમોની નોંધ લેવામાં આવે છે. અને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૭)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંકઃ ૫ સ્વીકારી સ્નાતક, અનુસ્નાતક અને ડેન્ટલ કોર્ષીસના પ્રવેશની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી રાજય સરકાર દ્વારા Centralized Counciling થી કરવાની કરેલ જાણ સાથેના પ્રવેશ અને તેને આનુંસાંગીક નિયમોની નોંધ લઈ તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૭)નોસ્વીકાર કરવામાં આવે છે.**

૨૫૮. Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhi ના અંડર સેક્રેટરીના તા.૧૫–૨–૨૦૧૭ના પત્ર Central Council of Homoepathy ના આસીસ્ટન્ટ સેક્રેટરી (ટેક.) ના પત્રમાં જણાવ્યાનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી અનુસ્નાતક કક્ષાએ M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) દ્વારા કરવાની જાણ કરેલ હોય જે મુજબ અમલ કરવાની નોંધ લઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી કે જે શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી શરૂ થાય તે શૈક્ષણિક વર્ષથી પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET)ના જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ પરીક્ષાના નિયમો મુજબ કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪) અન્વયે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભાલમણ એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : (૩૬) અન્વયે મંજુર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૪)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhi ના અંડર સેક્રેટરીના તા.૧૫–૨–૨૦૧૭ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અનુસ્નાતક કક્ષાએ M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) દ્વારા કરવાની જાણ કરેલ છે. જેની નોંધ લઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી કે જે શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી શરૂ થાય તે શૈક્ષણિક વર્ષથી પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) ના જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ પરીક્ષાના નિયમો મુજબ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૬)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૦૧૮ની સભાની ભલામણ ક્રમાંક : ૪ સ્વીકારી Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhi ના અંડર સેક્રેટરીના તા.૧૫–૨–૨૦૧૭ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અનુસ્નાતક કક્ષાએ M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) દ્વારા કરવાની જાણ કરેલ છે. જેની નોંધ લઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી કે જે શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી શરૂ થાય તે શૈક્ષણિક વર્ષથી પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) ના જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ પરીક્ષાના નિયમો મુજબ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૬)નો સ્વીકાર કરવામાં આવે છે.**

૨૫૯. શ્રી મણિલાલ હરિલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર, જિઃ ભરૂચ ના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૩–૩–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ **046/2018** થી સદર કોલેજમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ., બી.સી.એ., બી.કોમ. અને બી.એસસી. (કેમેસ્ટ્રી)નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ થી શ્રી મણિલાલ કડકિયા કોલેજ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ, સાયન્સ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વરના નવા નામકરણ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ (૧) સદર કોલેજમાં બી.બી.એ. , બી.સી.એ., બી.એસસી.(કેમેસ્ટ્રી) અને બી.કોમ. એમ ચારસ્વનિર્ભર અભ્યાસક્રમ ચાલે છે.

(૨) સદર કોલેજે નામ બદલવા માટે રૂા. ૨૫૦૦૦/– નો ચેક મોકલેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મણિલાલ હરિલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર, જિઃ ભરૂચના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૩–૩–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ 046/2018 થી સદર કોલેજમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ., બી.સી.એ., બી.કોમ. અને બી.એસસી. (કેમેસ્ટ્રી)નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ થી શ્રી મણિલાલ કડકિયા કોલેજ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ, સાયન્સ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વરના નવા નામકરણ કરવા માટે કરેલ વિનંતી સ્વીકારવી.**

૨૬૦. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માટે બહાર પાડવામાં આવતા જાહેરનામાંમાં **"<u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની સિન્ડિકેટે કોલેજ માટે મુકેલ તમામ શરતોનું પરિપાલન કરવાનું રહેશે અને તેની ચકાસણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે કરી લેવાની રહેશે તે શરતે ઉપર મુજબનું જોડાણ મંજુર કરવામાં આવે છે.</u>"** આ સંજોગોમાં જે તે કોલેજોને તથા વહીવટી વિભાગોને જાહેરનામાની નકલ મોકલવી કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માટે બહાર પાડવામાં આવતા જાહેરનામાંમાં "વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની સિન્ડિકેટે કોલેજ માટે મુકેલ તમામ શરતોનું પરિપાલન કરવાનું રહેશે અને તેની ચકાસણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે કરી લેવાની રહેશે તે શરતે ઉપર મુજબનું જોડાણ મંજુર કરવામાં આવે છે." આ સંજોગોમાં જે તે કોલેજોને તથા વહીવટી વિભાગોને જાહેરનામાની નકલ મોકલવી કે કેમ ? તે અંગે કોલેજોને તથા વહીવટી વિભાગોને જાહેરનામાની નકલ મોકલવી એટલેકે સરકારશ્રીએ આપેલ જોડાણને સ્વીકારી આગળની જોડાણની કાયવાહી કરવી.**

૨૬૧. શ્રી નવચેતન એજયુકેશન સોસાયટી, વાલિયા, જિઃ ભરૂચ સંચાલિત શ્રી રંગ નવચેતન કોમર્સ કોલેજ, મુ.પો. વાલિયા, જિઃ ભરૂચની નીચે દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ NEED કમિટિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ NEED કમિટિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	રીમાર્કસ
1.	**બી.કોમ.(એક ડિવિઝન) (સ્વનિર્ભર અભ્યાસશ્રક્રમ)**	નવું જોડાણ	**કમિટિએ ભલામણ કરેલ છે.**

(સદર કોલેજે જોડાણઅરજી ફોર્મમાં ૧૨.૩૦ એકર જમીન દર્શાવેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શ્રી નવચેતન એજયુકેશન સોસાયટી, વાલિયા, જિઃભરૂચ સંચાલિત શ્રી રંગ નવચેતન કોમર્સ કોલેજ, મુ.પો. વાલિયા, જિઃભરૂચની ઉપરોકત દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ NEED સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ NEED સમિતિના અહેવાલનો સ્વીકાર કરવો.**

૨૬૨. શ્રી ભારતીય વિદ્યામંડળ કોલેજ, કેમ્પસ(નવાગામ), કામરેજ, જિઃ સુરત સંચાલિત શ્રી જે.એસ. ભકતા આર્ટસ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ.શાહ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, ખોલવડ,સુરતની નીચે દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ **NEED** કમિટિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ **NEED** કમિટિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	રીમાર્કસ
1.	**બી.કોમ.(એડિશનલ ડિવિઝન) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)**	નવું જોડાણ	**કમિટિએ ભલામણ કરેલ છે.**

(સદર કોલેજે જોડાણઅરજી ફોર્મમાં ૨૪.૩૭૫ એકર જમીન દર્શાવેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શ્રી ભારતીય વિદ્યામંડળ કોલેજ, કેમ્પસ (નવાગામ), કામરેજ, જિઃસુરત સંચાલિત શ્રી જે.એસ. ભકતા આર્ટસ એન્ડ શ્રી એ. એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, ખોલવડ, સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ NEED સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ NEED સમિતિના અહેવાલનો સ્વીકાર કરવો.**

૨૬૩. શ્રી તાપી બ્રહમચર્યાશ્રમ સભા, નઝર આયુવેદિક કોલેજ કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાસે, સુરત સંચાલિત આત્માનંદ સરસ્વતી સાયન્સ કોલેજ, શ્રી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ, કાપોદરા, વરાછા, સુરતની નીચે દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ NEED કમિટિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ NEED કમિટિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	રીમાર્કસ
1.	બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ) (એક ડિવિઝન) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	નવું જોડાણ	કમિટિએ ભલામણ કરેલ નથી.

(સદર કોલેજે જોડાણઅરજી ફોર્મમાં ૨.૮૪ એકર જમીન દર્શાવેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શ્રી તાપી બ્રહમચર્યાશ્રમ સભા, નઝર આયુવેદિક કોલેજ કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાસે, સુરત સંચાલિત આત્માનંદ સરસ્વતી સાયન્સ કોલેજ, શ્રી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ, કાપોદરા, વરાછા, સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ NEED કમિટિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ NEED કમિટિના અહેવાલનો સ્વીકાર કરવો.**

૨૬૪. ડિપાર્ટમેન્ટ ઓફ હયુમન રિસોર્સ ડેવલોપમેન્ટ અને ડિપાર્ટમેન્ટ ઓફ રુરલ સ્ટડીસના સંયુકત ઉપક્રમે પાંચ વર્ષિય ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ત્રણ વર્ષ પહેલા શરુ કરવામાં આવ્યો હતો પરંતુ સરકારશ્રી દ્વારા અત્યાર સુધી કોઈ ફેકલ્ટી નિમણૂંક કરવામા આવી ન હોય, કાર્યભારણને ધ્યાનમાં રાખી કાયમી શૈક્ષણિક કર્મચારીની નિમણૂંક કરવા, તેમજ આવનારા સમયમાં જો સ્ટાફની નિમણૂંક કરવામાં ન આવે તો આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી આ પ્રોગ્રામ બંધ કરવાની વિનંતી કરતો ડિપાર્ટમેન્ટ ઓફ હયુમન રિસોર્સ ડેવલોપમેન્ટના પ્રોફેસર અને હેડ ડો.કીરણ પંડયાનો પત્રાંકઃ એચઆરડી/૧૨૧/૨૦૧૮, તા.૧૯/૦૩/૨૦૧૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ હયુમન રિસોર્સ ડેવલોપમેન્ટ અને ડિપાર્ટમેન્ટ ઓફ રુરલ સ્ટડીસના સંયુકત ઉપક્રમે પાંચ વર્ષિય ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ત્રણ વર્ષ પહેલા શરુ કરવામાં આવ્યો હતો પરંતુ સરકારશ્રી દ્વારા અત્યાર સુધી કોઈ ફેકલ્ટી નિમણૂંક કરવામા આવી ન હોય, કાર્યભારણને ધ્યાનમાં રાખી કાયમી શૈક્ષણિક કર્મચારીની નિમણૂંક કરવા, તેમજ આવનારા સમયમાં જો સ્ટાફની નિમણૂંક કરવામાં ન આવે તો આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી આ પ્રોગ્રામ બંધ કરવાની વિનંતી કરતો ડિપાર્ટમેન્ટ ઓફ હયુમન રિસોર્સ ડેવલોપમેન્ટના પ્રોફેસર અને હેડ ડો.કીરણ પંડયાનો પત્રાંકઃ એચઆરડી / ૧૨૧/૨૦૧૮, તા.૧૯/૦૩/૨૦૧૮ના પત્ર સંદર્ભે આવતા વર્ષ સુધી આ કોર્ષચાલું રાખવો દરમ્યાન સરકારશ્રી સાથે આ બાબતે રજુઆત કરવી.**

૨૬૫. કૌશિક હરીયા ચેરીટેબલ ફાઉન્ડેશન, સેલવાસ રોડ, વાપી સંચાલિત કે. બી. એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, ચાણોદ કોલોની નાકા, સેલવાસ રોડ, વાપીને બી.એસસી. (માઈક્રોબાયોલોજી) ના સ્વનિર્ભર અભ્યાસક્રમને ગુજરાત સરકાર, શિક્ષણ– વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના તા.૧૯–૦૪–૨૦૧૮ ના પત્રાંકઃ દગજ/ ૨૦૦૯/ ૨૮૩૩/ ખ–૧ થી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે. જેની જાણ થવા સારું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કૌશિક હરીયા ચેરીટેબલ ફાઉન્ડેશન, સેલવાસ રોડ, વાપી સંચાલિત કે. બી. એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, ચાણોદ કોલોની નાકા, સેલવાસ રોડ, વાપીને બી.એસસી.(માઈક્રોબાયોલોજી)ના સ્વનિર્ભર અભ્યાસક્રમને ગુજરાત સરકાર, શિક્ષણ–વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના તા.૧૯–૦૪–૨૦૧૮ના પત્રાંકઃ દગજ/ ૨૦૦૯/ ૨૮૩૩/ ખ–૧ થી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે. જેની નોંધ લેવી.**

<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>

૨૬૬. શ્રી પરીક્ષિત આઈ. વશી, સી–૧૦૩ ચંદનપાર્ક સીટી લાઈટ, સુરત ૩૯૫૦૦૭ એ પ્રતિ વર્ષ માર્ચ/એપ્રિલ M.Sc.(Final) પરીક્ષામાં કેમેસ્ટ્રી (Common) Including Self Finance, Evening, Morning, Regular નો વિષય લઈ પ્રથમ પ્રયત્ને પ્રથમ આવનાર પારીક્ષાર્થીને "પ્રો (ડો) કેશવ. સી. પટેલ મેડલ" પ્રદાન કરવા માટે રૂા.૨,૫૦,૦૦૦/– (રૂપિયા બે લાખ પચાસ હજાર)નો ચેક દાનમાં મળ્યો છે જેનો કુલપતિશ્રીની મંજુરીથી સ્વીકારવામાં આવેલ છે. કુલપતિશ્રીના સદર પત્રની નોંધ લેવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી પરીક્ષિત આઈ. વશી, સી–૧૦૩ ચંદનપાર્ક સીટી લાઈટ, સુરત ૩૯૫૦૦૭ એ પ્રતિ વર્ષ માર્ચ/એપ્રિલ M.Sc.(Final) પરીક્ષામાં કેમેસ્ટ્રી (Common) Including Self Finance, Evening, Morning, Regular નો વિષય લઈ પ્રથમ પ્રયત્ને પ્રથમ આવનાર પારીક્ષાર્થીને "પ્રો (ડો) કેશવ. સી. પટેલ મેડલ" પ્રદાન કરવા માટે રૂા.૨,૫૦,૦૦૦/– (રૂપિયા બે લાખ પચાસ હજાર)નો ચેક દાનમાં મળ્યો છે જેનો કુલપતિશ્રીની મંજુરીથી સ્વીકારવામાં આવેલ છે. કુલપતિશ્રીના સદર પત્રને બહાલી આપવામાં આવે છે.**

૨૬૭. પરીક્ષા આચાર સમિતિની **તા.૧૫–૨–૨૦૧૮** કાર્યવાહીની બાબત ક્રમાંકઃ ૧૩ અને ૧૪ માં આચાર સમિતિએ યોગ્ય તે નિર્ણય કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરી હતી.

સિન્ડિકેટની તા.૩૦–૩–૨૦૧૮ ની બાબત ક્રમાંકઃ ૦૨ અન્વયે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી હતી.

(૧) ડા.કેતનભાઈ સી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)
(૨) શ્રી. વિનોદભાઈ આર. ગજેરા (સિન્ડિકેટ સભ્યશ્રી)
(૩) શ્રી.કિરીટભાઈ એ.પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)

ઉપરોકત કમિટિના સભ્યોની સભા, **ગુરૂવાર** તા.**૨૬–૪–૨૦૧૮** ના રોજ બપોરે **૧–૦૦** વાગ્યે મળી હતી.

આચાર સમિતિની તા.૧૫–૨–૨૦૧૮ ની બાબત ક્રમાંકઃ ૧૩ અને ૧૪ માં કરેલ કાર્યવાહીનો મુસદ્દો/ અહેવાલ આ સાથે સામેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ સ્વીકારવો.**

૨૬૮. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **સર પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડા. પરમાર કેતનકુમાર છગનભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. પ્રો.નંદ કિશોર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી બોમ્બે,મુંબઈ અને ૨. ડા. રાકેશ શર્મા, આસીસ્ટન્ટ પ્રોફેસર, એપ્લાઈડ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એંન્જીનીયર, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૨) અન્વયે ડા. પરમાર કેતનકુમાર છગનભાઈ ને સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨

:: આથી ઠરાવવામાં આવે છે કે, **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા સર પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડા. પરમાર કેતનકુમાર છગનભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. પ્રો.નંદ કિશોર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી બોમ્બે, મુંબઈ અને ૨. ડા. રાકેશ શર્મા, આસીસ્ટન્ટ પ્રોફેસર, એપ્લાઈડ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એંન્જીનીયર, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા)ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી **ડા. પરમાર કેતનકુમાર છગનભાઈ** ને **સાયન્સ** ફેકલ્ટીના **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૪–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી ડા. પરમાર કેતનકુમાર છગનભાઈને સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૨૬૯. **સાયન્સ** ફેકલ્ટીનાં **બાયોસાયન્સ(માઈક્રોબાયોલોજી)** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **આર્ટસ, સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ, ખોલવડ** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. પંડયા નિલેશકુમાર ડાહયાભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. એન.કે.જૈન, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ૨. ડૉ. આદિત્ય ભુસન પંત, માઈક્રોબાયોલોજીસ્ટ, સાયન્ટિસ્ટ ઈન વિટ્રો ટોક્ષિકોલોજી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટોક્ષિકોલોજી રિસર્ચ, લખનૌ) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ડૉ. પંડયા નિલેશકુમાર ડાહયાભાઈ ને સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ(માઈક્રોબાયોલોજી) વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, **સાયન્સ** ફેકલ્ટીનાં **બાયોસાયન્સ(માઈક્રોબાયોલોજી)** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા આર્ટસ, સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ, ખોલવડ ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. પંડયા નિલેશકુમાર ડાહયાભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. એન.કે.જૈન, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ૨. ડૉ. આદિત્ય ભુસન પંત, માઈક્રોબાયોલોજીસ્ટ, સાયન્ટિસ્ટ ઈન વિટ્રો ટોક્ષિકોલોજી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટોક્ષિકોલોજી રિસર્ચ, લખનૌ) ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી **ડૉ.પંડયા નિલેશકુમાર ડાહયાભાઈ**ને **સાયન્સ** ફેકલ્ટીના **બાયોસાયન્સ (માઈક્રોબાયોલોજી)** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૪–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૩ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી ડૉ. પંડયા નિલેશકુમાર ડાહયાભાઈને સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ(માઈક્રોબાયોલોજી) વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા**

૨૭૦. **આર્ટસ** ફેકલ્ટીનાં **ઈકોનોમિકસ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર** ના વ્યાખ્યાતા **ડૉ. કરસનભાઈ એસ.ચાવડા** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. પ્રો. રાકેશ જોશી, એસોસીયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ૨. ડૉ. સરિતા અગ્રવાલ, પ્રોફેસર, સેન્ટર ફોર સ્ટડિઝ એન્ડ રિસર્ચ ઈન ઈકોનોમિકસ એન્ડ પ્લાનિંગ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૪) અન્વયે ડૉ. કરસનભાઈ એસ.ચાવડા ને આર્ટસ ફેકલ્ટીના ઈકોનોમિકસ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, **આર્ટસ** ફેકલ્ટીનાં **ઈકોનોમિકસ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર ના વ્યાખ્યાતા **ડૉ. કરસનભાઈ એસ. ચાવડા** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. પ્રો. રાકેશ જોશી, એસોસીયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ૨. ડૉ. સરિતા અગ્રવાલ, પ્રોફેસર, સેન્ટર ફોર સ્ટડિઝ એન્ડ રિસર્ચ ઈન ઈકોનોમિકસ એન્ડ પ્લાનિંગ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર) ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી વ્યાખ્યાતા **ડૉ. કરસનભાઈ એસ.ચાવડા** ને **આર્ટસ** ફેકલ્ટીના **ઈકોનોમિકસ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૪–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૪ ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી વ્યાખ્યાતા ડૉ. કરસનભાઈ એસ. ચાવડાને આર્ટસ ફેકલ્ટીના ઈકોનોમિકસ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૨૭૧. **આર્ટસ** ફેકલ્ટીનાં **એચ.આર.ડી.** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **ડિપાર્ટમેન્ટ ઓફ એચ.આર.ડી.(સ્વનિર્ભર પ્રોગ્રામ), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. વનપરિયા ભાવેશ ઓધવજીભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. યોગેશ લાડ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ અને ૨. ડૉ. રાજસી કર્લાક, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ લેબર વેલફેર, સ્કુલ ઓફ સોશિયલ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૫) અન્વયે ડૉ. વનપરિયા ભાવેશ ઓધવજીભાઈ ને આર્ટસ ફેકલ્ટીના એચ.આર.ડી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, **આર્ટસ** ફેકલ્ટીનાં **એચ.આર.ડી.** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ડિપાર્ટમેન્ટ ઓફ એચ.આર.ડી.(સ્વનિર્ભર પ્રોગ્રામ), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. વનપરિયા ભાવેશ ઓધવજીભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. યોગેશ લાડ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ અને ૨. ડૉ. રાજસી કર્લાક, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ લેબર વેલફેર, સ્કુલ ઓફ સોશિયલ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી **ડૉ. વનપરિયા ભાવેશ ઓધવજીભાઈ** ને **આર્ટસ** ફેકલ્ટીના **એચ.આર.ડી.** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૪–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૫ ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી ડૉ. વનપરિયા ભાવેશ ઓધવજીભાઈને આર્ટસ ફેકલ્ટીના એચ.આર.ડી. વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૨૭૨. સવિનય જણાવવાનું કે, સ્ટુડન્ટસ ફોર ડેવેલોપમેન્ટ (SFD) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે ગ્રામ્ય જીવન દર્શન – ૨૦૧૮ એ વિષય પર છ દિવસની એક શિબિરનું આયોજન થનાર આ કાર્યક્રમના ખર્ચ પેટે અંદાજે રૂા.૬,૮૩,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ ત્યાંસી હજાર પુરા)ની મંજુરી મા.કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(રાષ્ટ્રીય સેવા યોજના)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સવિનય જણાવવાનું કે, સ્ટુડન્ટસ ફોર ડેવેલોપમેન્ટ (SFD) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે ગ્રામ્ય જીવન દર્શન – ૨૦૧૮ એ વિષય પર છ દિવસની એક શિબિરનું આયોજન થનાર આ કાર્યક્રમના ખર્ચ પેટે અંદાજે રૂા.૬,૮૩,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ ત્યાંસી હજાર પુરા)ની મંજુરી મા.કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલ છે.જેને બહાલી આપવામાં આવે છે.**

<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબતઃ</u>

૨૭૩. (૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારામાં શૈક્ષણિક સ્ટાફ તરીકે ફરજ બજાવતા ડો. ઘનશ્યામભાઈ ડી. રાવલ સામે યુનિવર્સિટીને મળેલ શ્રી જે. એન. પટેલની ફરિયાદ સંદર્ભે માનનીય કુલપતિશ્રીએ તપાસ સમિતિની રચના કરી હતી, જે અંગે માનનીય કુલપતિશ્રીએ બનાવેલ સમિતિની નોંધ લેવા બાબત.

(૨) ડો. મહેન્દ્રસિંહ ચૌહાણની શિક્ષક તરીકેની નિયુકિત સામેની સરકાર નિયુકત સેનેટ સભ્યશ્રી ગૌરાંગ વૈદ્ય ફરિયાદ સંદર્ભે માનનીય કુલપતિશ્રીએ તપાસ સમિતિની રચના કરી હતી, જે અંગે માનનીય કુલપતિશ્રીએ બનાવેલ સમિતિની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ઉપરોકત પગલાને બહાલી આપવામાં આવે છે.**

૨૭૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારામાં શૈક્ષણિક સ્ટાફ તરીકે ફરજ બજાવતા ડો.ઘનશ્યામભાઈ ડી. રાવલ સામે યુનિવર્સિટીને મળેલ ફરિયાદ સંદર્ભે માનનીય કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ તપાસ સમિતિના અહેવાલ સંદર્ભે તથા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપી હતી તેથી તેમની સમગ્ર વિગતોને ધ્યાને લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા ડૉ. ઘનશ્યામભાઈ ડી. રાવલની શિક્ષક/ રીડર તરીકેની યુનિવર્સિટી માન્યતા/બહાલી કાર્યાલયના તા.૦૪–૦૫–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૭૩૯૮/ ૨૦૧૮થી તાત્કાલિક અસરથી રદ કરેલ હોઈ, તથા તે સંદર્ભે કાર્યાલયના જાહેરનામા ક્રમાંકઃ એસ/ જાહેરનામુ/ ૭૪૦૧/૨૦૧૮, તા.૦૪–૦૫–૨૦૧૮થી ડૉ.ઘનશ્યામભાઈ ડી.રાવલની શિક્ષક/રીડર તરીકેની યુનિવર્સિટી માન્યતા/ બહાલી તાત્કાલિક અસરથી રદ કરેલ હોઈ, તેઓશ્રી આ યુનિવર્સિટીનાં જે કોઈ સત્તામંડળમાં સદર હોદ્દાની રૂએ સભ્યપદ ધરાવતા હોય, તે તમામ સભ્યપદ પણ રદ કરવામાં આવેલ હોઈ, જે અન્વયે માનનીય કુલપતિશ્રીના સદર નિર્ણયની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારામાં શૈક્ષણિક સ્ટાફ તરીકે ફરજ બજાવતા ડો.ઘનશ્યામભાઈ ડી. રાવલ સામે યુનિવર્સિટીને મળેલ ફરિયાદ સંદર્ભે માનનીય કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ તપાસ સમિતિના અહેવાલ સંદર્ભે તથા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપી હતી તેથી તેમની સમગ્ર વિગતોને ધ્યાને લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા ડૉ. ઘનશ્યામભાઈ ડી. રાવલની શિક્ષક/ રીડર તરીકેની યુનિવર્સિટી માન્યતા/ બહાલી કાર્યાલયના તા. ૦૪–૦૫– ૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૭૩૯૮/ ૨૦૧૮થી તાત્કાલિક અસરથી રદ કરેલ હોઈ, તથા તે સંદર્ભે કાર્યાલયના જાહેરનામા ક્રમાંકઃ એસ/ જાહેરનામુ/ ૭૪૦૧/ ૨૦૧૮, તા. ૦૪–૦૫ –૨૦૧૮થી ડૉ. ઘનશ્યામભાઈ ડી. રાવલની શિક્ષક/ રીડર તરીકેની યુનિવર્સિટી માન્યતા/ બહાલી તાત્કાલિક અસરથી રદ કરેલ હોઈ, તેઓશ્રી આ યુનિવર્સિટીનાં જે કોઈ સત્તામંડળમાં સદર હોદ્દાની રૂએ સભ્યપદ ધરાવતા હોય, તે તમામ સભ્યપદ પણ રદ કરવામાં આવેલ હોઈ, જે અન્વયે માનનીય કુલપતિશ્રીના સદર નિર્ણયને બહાલી આપવામાં આવે છે.**

૨૭૫. યુનિવર્સિટી કાર્યાલય ખાતે વહીવટી વિભાગ સંબંધિત કામગીરી અન્વયે નીચે દર્શાવેલ બાબતોએ મા. કુલપતિશ્રી ધ્વારા લેવામાં આવેલ પગલાંની નોંધ લેવા બાબત.

(૧) યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે કરવામાં આવેલ નિમણૂંક અંતર્ગત ડો.હિતેષ પટેલ ધ્વારા માનનીય રાજયપાલશ્રીને કરવામાં આવેલ રજૂઆતના અનુસંધાને માનનીય કુલપતિશ્રી ધ્વારા રચવામાં આવેલ તપાસ સમિતિની નોંધ લેવા બાબત.

(૨) યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી, ડો.દક્ષેશ ઠાકરની સ્વૈચ્છિક નિવૃતિ તથા લીવ એન્કેશમેન્ટ અંગેની કાર્યવાહી યુનિવર્સિટી ધ્વારા કે આચાર્ય તરીકેની મોડાસા કોલેજની સેવા અન્વયે કોલેજ ધ્વારા કરવાની થતી કામગીરી અંતર્ગત રજૂઆતના અનુસંધાને માનનીય કુલપતિશ્રી ધ્વારા રચવામાં આવેલ તપાસ સમિતિની નોંધ લેવા બાબત.

(૩) યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં એસોસીયેટ પ્રોફેસર તરીકે કરવામાં આવેલ નિમણૂંક અંતર્ગત ડો.કિંતી માટલીવાલાની પીએચ.ડી.ની ડીગ્રીની માન્યતા ખોટી રીતે આપવામાં આવેલ હોય નિમણૂંક ગેરકાયદેસર છે તેમ જણાવી સેનેટ સભ્યશ્રી ગણપત ધામેલીયાની રજૂઆતના અનુસંધાને માનનીય કુલપતિશ્રી ધ્વારા રચવામાં આવેલ તપાસ સમિતિની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ઉપરોકત પગલાને બહાલી આપવામાં આવે છે.**

૨૭૬. **સેનેટ સભ્યશ્રી મનીષભાઈ કાપડીયાની તા.૦૫/૦૫/૨૦૧૮ના પત્રથી યુનિવર્સિટી સંલગ્ન એસ.પી.બી. કોમર્સ કોલેજ, સુરતના આચાર્યશ્રી ડો. વી. ડી. નાયક સ્ટેટીસ્ટીકસ વિષયના પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક હોય એકાઉન્ટન્સી અને કોમર્સ વિષયના વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરાવે છે. જે ગેરકાયદેસર હોય જે અંગેની કરેલ ફરિયાદ સંદર્ભે માન.કુલપતિશ્રી દ્વારા આ. ડો. પૃથુલભાઈ દેસાઈ, આ.ડો.અશ્વિનભાઈ પટેલ, ડો. હરિશભાઈ ડોકટર અને શ્રી ગૌરાંગભાઈ વૈદ્યની તપાસ સમિતી પર કરવામાં આવેલ નિમણૂંક અંગે માન.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા સારૂં.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ઉપરોકત પગલાને બહાલી આપવામાં આવે છે.**

<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>

૨૭૭. **બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૨૫/૦૪/૨૦૧૮ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(યુ.ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ફીઝીકલ એજયુકેશન રીક્રીએશન બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૨૫/૦૪/૨૦૧૮ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણનો સ્વીકાર કરવો.**

૨૭૮. પરીક્ષાની માર્કશીટ છાપકામ માટે માનનીય કુલપતિશ્રીએ આ મુજબની (૧)શ્રી વિનોદભાઈ ગજેરા (૨) શ્રી મયુરભાઈ ચૌહાણ (૩) ડૉ.તરૂણભાઈ તેજવાની (૪) શ્રી ગૌરાંગભાઈ વૈદ્યની રચેલી તપાસ સમિતિની રચનાની નોંધ લેવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધને બહાલી આપવામાં આવે છે.**

૨૭૯. પ્રા. જયનાબેન દેસાઈની ફરીયાદના આધારે મા.કુલપતિશ્રી દ્વારા રચેલ કમીટીના પગલાની નોંધ લેવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધને બહાલી આપવામાં આવે છે.**

૨૮૦. હવે પછી આવનારા નીડ કમીટીના અને સ્થાનિક તપાસ સમિતિના અહેવાલો હકારાત્મક હોઈ તે મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હવે પછી આવનારા નીડ કમીટીના અને સ્થાનિક તપાસ સમિતિના અહેવાલો હકારાત્મક હોઈ તે મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે. ઉપરાંત નીડ કમીટીના હકારાત્મક રીપોર્ટને આધારે એલ. આઈ. સી. મોકલવાની તેમજ તેને મંજુર કરવાની સત્તા ૨૦૧૩ના ઠરાવ અંતર્ગત પ્રમાણે માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૮૧૩૫ /૨૦૧૮ **ઈન્ચાર્જ કુલસચિવ**
તા.૧૮ –૦૫–૨૦૧૮
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.....